**<u>રે.દિ.મુ.નં.૨૫/૨૦૨૫</u>**

**– : <u>આંક–૫ ની અરજી લગત હુકમ</u> :–**

(૧) વાદીઓની સદર મનાઇ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ ખેડૂત–ખાતેદાર છે તથા મોજે. મોટી ચંદુર ગામે ખેતી કરી પોતાનુ તથા પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. વાદીઓની માલિકી–કબજા ભોગવટાની ખેતીની જમીન શંખેશ્વર તાલુકાના મોજે. મોટી ચંદુર ગામે રેવન્યુ સર્વે નં.૩૩૦ પૈ, ક્ષેત્રફળ હે–આરે–ગુંઠા : ૧–૩૫–૫૭, આકાર રૂા.૪.૦૬ વાળી આવેલી છે. સદર ખેતીની જમીનમાં વાદીઓ જાતે તથા જરૂર પડયે ભાગિયા મારફત સિંચાઈના માધ્યમથી વર્ષની ત્રણેય સિઝનમાં ખેતી કરી ખેતપેદાશ ઉત્પન્ન કરી તેમાંથી આવક/ઉપાર્જન મેળવે છે. આ કામના પ્રતિવાદી ઉપર જણાવેલ ખેતીની જમીન ઉપરથી તાજેતરમાં ૬૬ કીલો વોટસ (કે.વી.)ની "મુજપુર–નાની ચંદુર સુધી નવીન વીજ લાઈન પ્રસ્થાપિત કરવા માટે વાદીઓની ખેતીની જમીનમાં એચફ્રેમ/ટાવર સ્ટ્રકચર અને વિજરેષાઓ ઓવરહેડ લાઈનો સ્થાપવાની કામગીરી કરવાની તજવીજ કરી રહયા છે અને આ કામગીરી માટે સદરના પ્રતિવાદીએ વાદીઓ ખેડૂત ખાતેદારની કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી લીધેલ નથી કે વાદીઓ–ખેડૂત ખાતેદારને વિશ્વાસમાં લીધા સિવાય અને તેઓને સાંભળ્યા સિવાય માત્ર એકતરફી રીતે જાહેર જનતાને જણાવતી જાહેરાત આપી સદરહું ગેરકાયદેસરની કાર્યવાહી–કામગીરી શરૂ કરેલ છે. વાદીઓ અત્યંત નાના અને ગરીબ વર્ગના ખેડૂત છે, તેઓની પાસે અત્યંત ઓછી માત્રાની ખેતીની જમીન છે અને તે જમીનમાં વાદીઓ ખેતી કરી–કરાવી પોતાનુ તથા પરિવારનું ગુજરાન ચલાવે છે, સદર ખેતીની જમીન વાદીઓની એક માત્ર આજીવિકાનું અને ભરણપોષણનું સાધન છે, વાદીઓના ખેતરમાંથી સદરહું હેવી લાઈન પસાર થાય તો વાદીઓને તેમાં ખુબ જ હેરાનગતિ થાય તેમ છે કારણકે, સદરના પ્રતિવાદીએ વાદીઓને આપેલ નોટિસ મુજબ સદરના પ્રતિવાદી વાદીઓના ખેતરમાંથી ૬૬ કે.વી.ની વિદ્યુત

પ્રવાહની હેવી લાઈન પસાર કરવા માટે વાદીઓના ખેતરમાં એચફ્રેમ/ટાવર સ્ટ્રકચર અને વિજરેષાઓ ઓવરહેડ લાઈનો સ્થાપવાની કામગીરી કરવા માંગે છે, અને તે રીતે પ્રતિવાદી ધ્વારા આ મુજબની ગેરકાયદેસરની અને એક તરફી કામગીરી કરવામાં આવશે તો વાદીઓ ખેડૂત ખાતેદારની વાદીઓની ખેતીની જમીનને અને તેના ઉભા પાક તથા ભવિષ્યના ખેત પેદાશના પાકને મોટુ નુકશાન થવાપાત્ર છે. તેટલુંજ નહી, જો આ ખેતીની જમીનમાંથી પ્રતિવાદીની સૂચિત યોજના મુજબ ભારે વિદ્યુત લાઈન પસાર થાય તથા તે વિદ્યુત લાઈન પસાર કરવા માટે તેમાં વિજરેષાઓ તથા થાંભલાઓ ઉભા કરવામાં આવે તો તેનાથી વાદીઓના ચાલુ અને ભવિષ્યના ખેત પાકને મોટુ અને કાયમી નુકશાન થાય તેમ છે, તદઉપરાંત, પ્રતિવાદીની યોજના મુજબ વાદીઓની સદર ખેતીની જમીનમાંથી ભારે વીજ લાઈન તથા તેના થાંભલાઓનું બાંધકામ કરવામાં આવે તો તેનાથી સદર વીજ લાઈન નીચે ખેતીનું કામ કરતી વખતે વાદીઓને તથા વાદીઓના મજુરોની જાનનું ગંભીર જોખમ છે, તથા સદર વિજ લાઈન તથા તેના થાંભલાની નજીકમાં તથા તેના થાંભલા વાળી જગ્યાએ તથા તેની નજીકમાં વાદીઓ ખેતી કે ખેત ઉપયોગી કોઈપણ જાતનું બાંધકામ કરવાથી પ્રતિબંધિત થઈ જઈશે. તેનાથી પણ વધુ ગંભીર બાબત એ છે કે જો પ્રતિવાદીની સદર સૂચિત યોજના મુજબ જો વીજ લાઈન પસાર થઈ જાય તથા તેના થાંભલા વાદીઓની સદર ખેતીની જમીનમાં નાંખી દેવામાં આવે તો વાદીઓ કાયમી ધોરણે સદર ખેતીની જમીન કે તેનો કોઈભાગ બિનખેતીમાં તબદીલ કરાવવાથી પ્રતિબંધિત થઈ જઈશે તથા વાદીઓના ખેતરની વેલ્યુએશન (કિંમત)માં પણ ખુબજ ઘટાડો થઈ જશે અને તે રીતે વાદીઓના મુળભૂત અધિકારનો ભંગ થવાની પુરેપુરી શકયતાઓ છે, અને તેથી પ્રતિવાદી તેમની સૂચિત ગેરકાયદેસરની યોજના મુજબની વિજ લાઈન તથા તેના થાંભલા નાંખતા અટકાવવા માટે હાલનો આ દાવો દાખલ કરવાની તથા તેને આનુષાંગીક હાલની આ હંગામી મનાઈ હુકમ અરજ દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે અને

સબબ અરજ કરી વાદીઓના મુળ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી સદર હાલની હંગામી મનાઈ હુકમ અરજના પેરા (૩)માં વર્ણવેલ વાદીઓની માલિકી–કબજા–ભોગવટા વાળી મોજે. મોટી ચંદુર ગામે રેવન્યુ સર્વે નં.૩૩૦ પૈ, ક્ષેત્રફળ હે–આરે–ગુંઠા : ૧–૩૫–૫૭, આકાર રૂા.૪.૦૬ વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી કે તેમના કર્મચારી કે તેમના એજન્ટ, ઈજારાદાને પ્રવેશ કરતા તથા પ્રવેશ કરી વાદીઓની જમીનમાં કોઈપણ પ્રકારની ઓવર હેડ કે જમીનની અંદર કે ઉપર કોઈપણ પ્રકારની વિજ લાઈન નાંખે નહી કે પસાર કરે નહી કે તે માટે કોઈપણ પ્રકારના થાંભલા નાંખે–નંખાવે નહી કે તેનું બાંધકામ કરે–કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી હંગામી યાને કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી વિરુધ્ધ ફરમાવવા દાદ માંગેલ છે.

(૨) આ કામે દાવો દાખલ થતાં પ્રતિવાદીને દાવાનો સમન્સ તથા નોટીસ ઈસ્યુ કરતા જેની બજવણી થતા આ કામના પ્રતિવાદીએ કોર્ટ રુબરુ હાજર થઈ આંક–૧૦ થી વાદીઓની દાવા અરજી તથા આંક–૫ ની અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીના દાવાની તથા આંક–૫ ની અરજીની હકીકતોનો મોટે ભાગે ઈનકાર કરી ખરી હકીકત એવી હોવાનું જણાવેલ છે કે, ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ જાહેરનામું સચિવાલય ગાંધીનગર ૫ મી જાન્યુઆરી ૨૦૦૭ વીજ અધિનિયમ– ૨૦૦૩ ક્રમાંક જીયુ ૨૦૦૭–૫– ઈ.એલ.એ. ૧૧૦૬–૪૮૮૪–૬ સને ૨૦૦૩ ના વીજ અધિનિયમ (૨૦૦૩ ના ૩૬ માં ) કલમ ૧૬૪ થી મળેલ સત્તાની રુએ તત્સમયેના ઉધોગ ખાણ અને વીજળી વિભાગના જાહેરનામા ક્રમાંક : ગઉ–૧/આઈ.ઈ.એ. ૧૦૬૬–૧૩૧૯–ક તા.૫ મી માર્ચ ૧૯૬૬ ને રદ કરીને ગુજરાત સરકાર આથી કંપની ધારા ૧૯૫૬ હેઠળ રચાયેલ ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. ને ગુજરાત રાજયમાં જયાં જરૂરી હોય ત્યાં વીજળીના પ્રવાહન માટે વીજ લાઈનો સાધનો અને અન્ય સામગ્રી સ્થાપવાની જાળવવાની તમામ સત્તાઓ આપે છે. જે સત્તા સને

૧૯૮૫ ના ભારતીય તાર અધિનિયમ (૧૯૮૫ ના તેરમાં) ની કલમ ૧૦ થી ૧૮ અને ૧૯ ક હેઠળ ટેલીગ્રાફ સત્તાધિકારી ટેલીગ્રાફના હેતુસર સરકાર દ્વારા આપવામાં આવેલ અથવા નિભાવવામાં આવતા અથવા તે પ્રમાણે સ્થાપવાના કે નિભાવવાના ટેલીગ્રાફના દોરડા અને મથકો સ્થાપવાની બાબતોમાં ધરાવે છે. સદરહું દાવાના કામે વાદીઓને દાવો કરવા માટેનો કાયદેસરનું કોઈકારણ ઉત્પન્ન થયેલ નથી. તેમજ પ્રતિવાદી સંસ્થાએ ગેરકાયદેસરનું કોઈપણ કાર્ય કરેલ નથી. પ્રતિવાદી સંસ્થા સરકારશ્રીના ધારા ધોરણ અને નિયમોનુસાર તેમજ તેમજ સરકારશ્રીની ગાઈડલાઈન્સ અનુસાર પ્રતિવાદી સંસ્થા જનકલ્યાણ હિતાર્થે કાયદેસરની કાર્યવાહી અનુસાર કાર્ય કરે છે. તેમજ વાદીઓની નોટીસનો પ્રતિવાદીએ કાયદેસર વ્યાજબી જવાબ આપેલ છે. તેમજ ઉપર જણાવેલ સુચિત કામગીરી સક્ષમ સત્તાધિકારીએ કાયદા હેઠળ મંજુર કરેલ છે. ઉપરોક્ત સર્વે નંબરની જમીન આપના કબ્જા અને માલિકીના છે તે હેઠળની જમીનમાં એચ.ફ્રેમ / ટાવર સ્ટકચર અને વીજ રેખાઓ ઓવર હેડ લાઈનો સ્થાપવામાં આવશે જેની સત્તા આપેલ છે અને જોગવાઈ અનુસાર ગુજરાત સરકાર ઉર્જા અને પેટ્રોલીયમ કેમિકલ્સ વિભાગ ઠરાવ ક્રમાંક જી.ઈ.ટી.-૧૧-૨૦૧૫-જી.ઓ.આઈ -૧૯૯- ક તા.૧૪/૦૮/૨૦૧૭ અને સુધારા ઠરાવ તા.૦૧/૦૩/૨૦૨૪ મુજબ વળતર ચુકવવામાં આવશે તેવું તા.૧૨/૦૫/૨૦૨૫ ની નોટીસમાં સ્પષ્ટપણે જણાવેલ છે. તેમ છતાં વાદીઓએ ખોટા કારણો ઉભા કરી ખોટો દાવો કરેલ છે. આમ, વાદીઓને દાવો કરવા માટેનું કે મનાઈ અરજ કરવાનું કાયદેસરનું કોઈ કારણ ઉપસ્થિત થતું નથી તેવું જણાવેલ છે. વધુમાં વાદીને દાવાને પક્ષકારનો સ્પષ્ટ બાધ છે. તેમજ વાદીએ એ દાવામાં પુરતો કોર્ટ ફી સ્ટેમ્પ વાપરેલ નથી. તેમજ હકુમતનો પણ સ્પષ્ટ બાધ નડે છે. વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીની તરફેણમાં છે. તેમજ ઈરીપેરેબલ લોસની દ્રષ્ટિએ વાદીઓને કોઈ નુકશાન નથી. તેમજ જોગવાઈ અનુસાર ગુજરાત સરકાર ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ

વિભાગ સુધારા ઠરાવ તા.૦૧/૦૩/૨૦૨૪ મુજબ વળતર ચુકવવામાં આવે છે. આમ, વાદીઓને મનાઈ હુકમ માટેના ત્રણેય કારણો પ્રતિવાદી સંસ્થાની તરફેણમાં છે. આમ, વાદીનો દાવો તથા મનાઈ અરજ રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે.

(૩) વાદી તરફે આંક–૩ થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરતા તેમાં જે દસ્તાવેજો રજુ કરેલ છે. જેને માર્ક–૩/૧ થી માર્ક–૩/૩ આપેલ છે. જે વંચાણે લીધા.

(૪) સદર કામે વાદીઓની મનાઈ અરજી લગત વાદી તર્ફે વિ.વ.શ્રી ડી.સી.રાવલ નાઓએ આંક–૧૬ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી. જેમાં તેઓએ હંગામી મનાઇ હુકમની અરજીની હકીકતો જણાવી વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી વાદીઓની ઉકત વર્ણનવાળી જમીનમા ૬૬ કે.વી.નો અતિભારે વિજ પ્રવાહના વાયરો–રેખાઓ તથા તે પરિપ્રેક્ષ્યમાં થાંભલાઓ નાંખવાની તથા તેનું બાંધકામ કરવાની પુરજોશમાં તૈયારીમાં હોઈ તથા હાલમાં વાદીના સદરહું ખેતરમાં કપાસ તથા એરંડાનો પાક ઉભો છે તથા અન્ય પાકોનું વાવેતર ચાલુ છે અને વાદીઓ સહિત તેમના માણસો સદર ખેતરામાં ખેત ઉપયોગી કામકાજ કરી રહયા છે, જો પ્રતિવાદીની સૂચિત યોજના અમલી થાય તો વાદીઓ તથા તેમના માણસોના જીવને જોખમ છે, સદરહું તમામ ખેતર વાદીઓની માલિકી–કબજા–ભોગવટાના છે અને તેથી વાદીઓની તરફેણમાં પ્રથમદર્શીનય કેસ છે અને તેને આનુષાંગી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં છે અને તે સ્થિતિમાં જો સદરના પ્રતિવાદી ઘ્વારા હાલના વાદીના દાવાના કારણવાળી કામગીરી શરૂ કરી દેવામાં આવે તો વાદીને નાણાંથી બદલો ન મળી શકે તેવા ઈરીપેરેબલ લોસની પુરેપુરી શકયતા છે, આમ પ્રાઈમા ફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસની શકયતા (હાર્ડશીપ) ના તમામ પરિબળો વાદીઓની તરફેણમાં છે. તેમજ પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ જાહેર નોટિસ તદ્દન ગેરકાયદેસર છે. વધુમાં The Gazette of

India, Extraordinary Part–II–Section 3 Sub Section(ii) New Delhi. Friday, JUNE 21, 2024 જોતાં સદરના પ્રતિવાદીઓ દ્વારા "Indian Wireless Telegraphy Act, 1933 (17 of 1933)"ના કાયદા અનુસાર કાર્યવાહી કરવાનું કહેવામાં આવે છે તેવો કાયદો હાલમાં અમલમાં નથી તથા તે કાયદાની માત્ર કેટલીક જરૂરીયાતો સંતોષવા ભારત સરકાર ધ્વારા "The Telecommunications Act, 2023 (44 of 2023)" ઘડવામાં આવેલો અને તે કાયદાની પણ માત્ર કલમઃ ૧,૨,૧૦ થી ૩૦, ૪૨ થી ૪૪, ૪૬, ૪૭, ૫૦ થી ૫૮, ૬૧ તથા ૬૨ ની જોગવાઈઓ અમલમાં રહેશે. તેથી સદરહું આ જે કલમોનો ઉલ્લેખ છે તેમાં સદરના પ્રતિવાદીઓ ધ્વારા જે કાર્યવાહી થયેલ છે તેની કોઈ જોગવાઈ નથી તેથી સદરના પ્રતિવાદીઓ ધ્વારા ખેડૂત ખાતેદારોની જમીનોમાં જે કાર્યવાહી થઈ રહેલ છે તે તદ્દન ગેરકાયદેસરની છે તથા The Telecommunication Act, 2023 Chapter–XI Repeal and Savings section–60 ની જોગવાઈ જોતાં સ્પષ્ટ થાય છે કે, સદરહું કલમ:૬૦ મુજબ જે કાયદા અનુસાર સદરના પ્રતિવાદીઓ ધ્વારા જે કાર્યવાહી થયાનું કહેવામાં આવે છે તે કાયદો રદ થયેલ છે અને તેથી પ્રતિવાદીઓના કહેવા મુજબનો આવો કોઈ કાયદો હાલમાં અસ્તિત્વમાં નથી. આમ, સદરના પ્રતિવાદીઓ ધ્વારા વાદી ખેડૂત ખાતેદારોને કોઈ પણ પ્રકારનું કોમ્પેનસેશન (વળતર) આપવામાં આવ્યુ નથી કે આપવા માટે કોઈ વાયદો કે વચન આપેલ નથી અને તે આપ્યા સિવાય સદરના પ્રતિવાદીઓ ધ્વારા વાદી ગરીબ ખેડૂત ખાતેદારોની ખેતીની જમીન ઉપર અતિક્રમણ કરી જે કાર્યાવહી થઈ રહી છે તેનાથી વાદીના બંધારણીય મૂળભૂત અધિકારોનો ખુલ્લેઆમ ભંગ થઈ રહયો છે અને તેથી વાદીઓને સી.પી.સી. ઓર્ડર:૩૯ રૂલઃ૧,૨ તથા કલમ: ૧૫૧ મુજબ રક્ષણ આપી સદરના પ્રતિવાદીઓ ધ્વારા જે કાર્યવાહી થઈ રહી છે તે તાત્કાલિક અરસની સ્થગિત કરવા આ દાવાના આખરી નિર્ણય ન આવે ત્યાંદ સુધી સદરના પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં અને વાદીઓની તરફેણમાં

હંગામી મનાઈ હુકમ આપવા વિનંતી કરેલ છે અને આ રજૂઆતના સંદર્ભમાં વાદીઓએ (૧) Gujarat Bottling Co. Ltd. V. Coca Cola Co. (1995), (૨) Dalpat Kumar V. Prahlad Singh (1992) અને (૩) Morgan Stanley Mutual Fund V. Kartick Das (1994) ના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદોઓ રજૂ કરેલ છે જે વંચાણે લીધા.

(૫) જયારે આ કામના પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એમ.કે.મકવાણા નાઓ દ્વારા આંક–૧૨ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી. જેમાં તેઓએ આંક–૧૦ ના લેખિત જવાબમાં જણાવેલ હકીકતો જણાવી વધુમાં જણાવેલ છે કે વાદીઓએ મનાઈ અરજમાં માંગેલ દાદ કાયદેસર મળી શકે નહિ કે આપી શકાય નહિ તેમજ દાવા જવાબ તથા મનાઈ અરજના જવાબ સાથે ડીલીસ્ટ થી સિવિલ અપીલ નં.૧૦૯૫૧ /૨૦૧૬ નો મેં. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ખેતરમાં પ્રવેશવા બાબતનો તેમજ અને મેં. ગુજરાત હાઈકોર્ટનું જજમેન્ટ લાઈનના રૂટમાં કોઈ ફેરફાર ન કરવા બાબતે સ્પષ્ટ જોગવાઈ છે જે જજમેન્ટ જોતાં વાદીઓએ પ્રતિવાદી સંસ્થાને રોકટોક કે અટકાયત કે અવરોધ કરવાનો કાયદેસરનો કોઈ હક્ક કે અધિકાર નથી જેથી વાદીની મનાઈ અરજી ગેરકાયદેસર હોઈ અને અમાન્ય હોઈ વાદીઓની મનાઈ અરજી રદ થવાને પાત્ર છે તેમ જણાવી કામચલાઉ મનાઈ હુકમની અરજી આંક–૫ ની અરજી ખર્ચ સહ નામંજુર કરવા રજુઆત કરેલ છે. તથા પ્રતિવાદી તર્ફે દાવા જવાબ તથા મનાઈ અરજના જવાબ સાથે આંક–૧૧ થી ડીલીસ્ટ રજુ કરી માર્ક–૧૧/૧ થી ૧૧/૪ મુજબના તથા આંક–૧૩ થી ડીલીસ્ટ રજુ કરી માર્ક–૧૩/૧ વાળા દસ્તાવેજો રજુ કરેલ છે. જે વંચાણે લીધા.

(૬) ઉપરોકત હકીકતે સદર અરજીના નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દા</u> ::–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો આ પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી પણ ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે–

મુદ્દા નં. ૧ :– નકારમાં.

મુદ્દા નં. ૨ :– નકારમાં.

મુદ્દા નં. ૩ :– નકારમાં.

મુદ્દા નં. ૪ :– આખરી હુકમ મુજબ.

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**– : <u>કારણો</u> :–**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા</u> :–**

**(૮.૧)**વાદીઓનો દાવો વંચાણે લેવામાં આવે તો વાદીએ એવુ કથન કરેલ છે કે, વાદીઓ ખેડૂત–ખાતેદાર છે તથા મોજે. મોટી ચંદુર ગામે ખેતી કરી પોતાનુ તથા પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. વાદીઓની માલિકી–કબજા ભોગવટાની ખેતીની જમીન શંખેશ્વર તાલુકાના મોજે. મોટી ચંદુર ગામે રેવન્યુ સર્વે નં.૩૩૦ પૈ, ક્ષેત્રફળ હે–આરે–ગુંઠા : ૧–૩૫–૫૭, આકાર રૂા.૪.૦૬ વાળી આવેલી છે. સદર ખેતીની જમીનમાં અમો વાદીઓ જાતે તથા જરૂર પડયે ભાગિયા મારફત સિંચાઈના માધ્યમથી વર્ષની ત્રણેય સિઝનમાં ખેતી કરી ખેતપેદાશ ઉત્પન્ન કરી તેમાંથી આવક/ઉપાર્જન મેળવે છે. આ કામના પ્રતિવાદી ઉપર જણાવેલ ખેતીની જમીન ઉપરથી તાજેતરમાં ૬૬ કીલો વોટસ (કે.વી.)ની "મુજપુર–નાની ચંદુર સુધી નવીન વીજ લાઈન

પ્રસ્થાપિત કરવા માટે વાદીઓની ખેતીની જમીનમાં એચફ્રેમ/ટાવર સ્ટ્રકચર અને વિજરેષાઓ ઓવરહેડ લાઈનો સ્થાપવાની કામગીરી કરવાની તજવીજ કરી રહયા છે અને આ કામગીરી માટે સદરના પ્રતિવાદીએ વાદીઓ ખેડૂત ખાતેદારની કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી લીધેલ નથી કે વાદીઓ–ખેડૂત ખાતેદારને વિશ્વાસમાં લીધા સિવાય અને તેઓને સાંભળ્યા સિવાય માત્ર એકતરફી રીતે જાહેર જનતાને જણાવતી જાહેરાત આપી સદરહું ગેરકાયદેસરની કાર્યવાહી–કામગીરી શરૂ કરેલ છે. વાદીઓ અત્યંત નાના અને ગરીબ વર્ગના ખેડૂત છે, તેઓની પાસે અત્યંત ઓછી માત્રાની ખેતીની જમીન છે અને તે જમીનમાં વાદીઓ ખેતી કરી–કરાવી પોતાનુ તથા પરિવારનું ગુજરાન ચલાવે છે, સદર ખેતીની જમીન વાદીઓની એક માત્ર આજીવિકાનું અને ભરણપોષણનું સાધન છે, વાદીઓના ખેતરમાંથી સદરહું હેવી લાઈન પસાર થાય તો વાદીઓને તેમાં ખુબ જ હેરાનગતિ થાય તેમ છે કારણકે, સદરના પ્રતિવાદીએ વાદીઓને આપેલ નોટિસ મુજબ સદરના પ્રતિવાદી વાદીઓના ખેતરમાંથી ૬૬ કે.વી.ની વિદ્યુત પ્રવાહની હેવી લાઈન પસાર કરવા માટે વાદીઓના ખેતરમાં એચફ્રેમ/ટાવર સ્ટ્રકચર અને વિજરેષાઓ ઓવરહેડ લાઈનો સ્થાપવાની કામગીરી કરવા માંગે છે, અને તે રીતે પ્રતિવાદી ધ્વારા આ મુજબની ગેરકાયદેસરની અને એક તરફી કામગીરી કરવામાં આવશે તો વાદીઓ ખેડૂત ખાતેદારની વાદીઓની ખેતીની જમીનને અને તેના ઉભા પાક તથા ભવિષ્યના ખેત પેદાશના પાકને મોટુ નુકશાન થવાપાત્ર છે. તેટલુંજ નહી, જો આ ખેતીની જમીનમાંથી પ્રતિવાદીની સૂચિત યોજના મુજબ ભારે વિદ્યુત લાઈન પસાર થાય તથા તે વિદ્યુત લાઈન પસાર કરવા માટે તેમાં વિજરેષાઓ તથા થાંભલાઓ ઉભા કરવામાં આવે તો તેનાથી વાદીઓના ચાલુ અને ભવિષ્યના ખેત પાકને મોટુ અને કાયમી નુકશાન થાય તેમ છે, તદઉપરાંત, પ્રતિવાદીની યોજના મુજબ વાદીઓની સદર ખેતીની જમીનમાંથી ભારે વીજ લાઈન તથા તેના થાંભલાઓનું બાંધકામ કરવામાં આવે તો તેનાથી સદર વીજ લાઈન નીચે ખેતીનું કામ કરતી

વખતે વાદીઓને તથા વાદીઓના મજુરોની જાનનું ગંભીર જોખમ છે, તથા સદર વિજ લાઈન તથા તેના થાંભલાની નજીકમાં તથા તેના થાંભલા વાળી જગ્યાએ તથા તેની નજીકમાં વાદીઓ ખેતી કે ખેત ઉપયોગી કોઈપણ જાતનું બાંધકામ કરવાથી પ્રતિબંધિત થઈ જઈશે. તેનાથી પણ વધુ ગંભીર બાબત એ છે કે જો પ્રતિવાદીની સદર સૂચિત યોજના મુજબ જો વીજ લાઈન પસાર થઈ જાય તથા તેના થાંભલા વાદીઓની સદર ખેતીની જમીનમાં નાંખી દેવામાં આવે તો વાદીઓ કાયમી ધોરણે સદર ખેતીની જમીન કે તેનો કોઈભાગ બિનખેતીમાં તબદીલ કરાવવાથી પ્રતિબંધિત થઈ જઈશે તથા વાદીઓના ખેતરની વેલ્યુએશન (કિંમત)માં પણ ખુબજ ઘટાડો થઈ જશે અને તે રીતે વાદીઓના મુળભૂત અધિકારનો ભંગ થવાની પુરેપુરી શકયતાઓ છે, અને તેથી પ્રતિવાદી તેમની સૂચિત ગેરકાયદેસરની યોજના મુજબની વિજ લાઈન તથા તેના થાંભલા નાંખતા અટકાવવા માટે હાલનો આ દાવો દાખલ કરવાની તથા તેને આનુષાંગીક હાલની આ હંગામી મનાઈ હુકમ અરજ દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ હોવાનું જણાવેલ છે અને વાદીઓ તરફે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી માર્ક–૩/૧ થી માર્ક–૩/૩ સુધીના દસ્તાવેજી આધારો રજુ કરેલ છે. તેમજ ભારતીય ટેલીગ્રાફ અધિનિયમ–૧૮૮૫ રદ કરવામાં આવેલ છે. આથી, મનાઈ અરજી મંજુર કરવા દલીલો કરેલ છે.

(૮.૨) વાદીઓના દાવાનો પ્રતિવાદીઓ તરફે આંક–૧૦ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે અને તેમાં વાદીઓના દાવાની તમામ હકીકતોનો ઈનકાર કરી મુખ્યત્વે એવુ કથન કરેલ છે કે, ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ જાહેરનામું સચિવાલય ગાંધીનગર ૫ મી જાન્યુઆરી ૨૦૦૭ વીજ અધિનિયમ– ૨૦૦૩ ક્રમાંક જીયુ ૨૦૦૭– ૫– ઈ.એલ.એ. ૧૧૦૬–૪૮૮૪–૬ સને ૨૦૦૩ ના વીજ અધિનિયમ (૨૦૦૩ ના ૩૬ માં ) કલમ ૧૬૪ થી મળેલ સત્તાની રુએ તત્સમયેના ઉધોગ ખાણ અને વીજળી વિભાગના જાહેરનામા ક્રમાંક : ગઉ–૧/આઈ.ઈ.એ. ૧૦૬૬–૧૩૧૯–ક તા.૫ મી માર્ચ

૧૯૬૬ ને રદ કરીને ગુજરાત સરકાર આથી કંપની ધારા ૧૯૫૬ હેઠળ રચાયેલ ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. ને ગુજરાત રાજયમાં જયાં જરૂરી હોય ત્યાં વીજળીના પ્રવાહન માટે વીજ લાઈનો સાધનો અને અન્ય સામગ્રી સ્થાપવાની જાળવવાની તમામ સત્તાઓ આપે છે. જે સત્તા સને ૧૯૮૫ ના ભારતીય તાર અધિનિયમ (૧૯૮૫ ના તેરમાં) ની કલમ ૧૦ થી ૧૮ અને ૧૯ ક હેઠળ ટેલીગ્રાફ સત્તાધિકારી ટેલીગ્રાફના હેતુસર સરકાર દ્વારા આપવામાં આવેલ અથવા નિભાવવામાં આવતા અથવા તે પ્રમાણે સ્થાપવાના કે નિભાવવાના ટેલીગ્રાફના દોરડા અને મથકો સ્થાપવાની બાબતોમાં ધરાવે છે. સદરહું દાવાના કામે વાદીઓને દાવો કરવા માટેનો કાયદેસરનું કોઈકારણ ઉત્પન્ન થયેલ નથી. તેમજ પ્રતિવાદી સંસ્થાએ ગેરકાયદેસરનું કોઈપણ કાર્ય કરેલ નથી. પ્રતિવાદી સંસ્થા સરકારશ્રીના ધારા ધોરણ અને નિયમોનુસાર તેમજ તેમજ સરકારશ્રીની ગાઈડલાઈન્સ અનુસાર પ્રતિવાદી સંસ્થા જનકલ્યાણ હિતાર્થે કાયદેસરની કાર્યવાહી અનુસાર કાર્ય કરે છે. તેમજ વાદીઓની નોટીસનો પ્રતિવાદીએ કાયદેસર વ્યાજબી જવાબ આપેલ છે. તેમજ ઉપર જણાવેલ સુચિત કામગીરી સક્ષમ સત્તાધિકારીએ કાયદા હેઠળ મંજુર કરેલ છે. ઉપરોક્ત સર્વે નંબરની જમીન આપના કબ્જા અને માલિકીના છે તે હેઠળની જમીનમાં એચ.ફ્રેમ / ટાવર સ્ટકચર અને વીજ રેખાઓ ઓવર હેડ લાઈનો સ્થાપવામાં આવશે જેની સત્તા આપેલ છે અને જોગવાઈ અનુસાર ગુજરાત સરકાર ઉર્જા અને પેટ્રોલીયમ કેમિકલ્સ વિભાગ ઠરાવ ક્રમાંક જી.ઈ.ટી.-૧૧-૨૦૧૫-જી.ઓ.આઈ -૧૯૯- ક તા.૧૪/૦૮/૨૦૧૭ અને સુધારા ઠરાવ તા.૦૧/૦૩/૨૦૨૪ મુજબ વળતર ચુકવવામાં આવશે તેવું તા.૧૨/૦૫/૨૦૨૫ ની નોટીસમાં સ્પષ્ટપણે જણાવેલ છે. તેમ છતાં વાદીઓએ ખોટા કારણો ઉભા કરી ખોટો દાવો કરેલ છે. આમ, વાદીઓને દાવો કરવા માટેનું કે મનાઈ અરજ કરવાનું કાયદેસરનું કોઈ કારણ ઉપસ્થિત થતું નથી તેવું જણાવેલ છે. વધુમાં વાદીને દાવાને પક્ષકારનો સ્પષ્ટ બાધ છે. તેમજ વાદીએ એ દાવામાં પુરતો કોર્ટ ફી

સ્ટેમ્પ વાપરેલ નથી. તેમજ હકુમતનો પણ સ્પષ્ટ બાધ નડે છે. વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીની તરફેણમાં છે. તેમજ ઈરીપેરેબલ લોસની દ્રષ્ટિએ વાદીઓએ કોઈ નુકશાન નથી. તેમજ જોગવાઈ અનુસાર ગુજરાત સરકાર ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સુધારા ઠરાવ તા.૦૧/૦૩/૨૦૨૪ મુજબ વળતર ચુકવવામાં આવે છે. આમ, વાદીઓને મનાઈ હુકમ માટેના ત્રણેય કારણો પ્રતિવાદી સંસ્થાની તરફેણમાં છે. આમ, વાદીનો દાવો તથા મનાઇ અરજ રદ થવાને પાત્ર છે તેવી રજુઆત કરેલ છે.

(૮.૩)આમ આ કામે બંન્ને પક્ષોનું પ્લીડીંગ તથા રજુ દસ્તાવેજી આધારો વંચાણે લેવામાં આવે તો આ કામે સૌ પ્રથમ વાદીના દાવાની હકીકત જોઇએ તો વાદીએ દાવા પેરા (૩) માં વર્ણવેલ વાદીઓની માલિકી–કબજા–ભોગવટા વાળી મોજે. મોટી ચંદુર ગામે રેવન્યુ સર્વે નં.૩૩૦ પૈ, ક્ષેત્રફળ હે–આરે–ગુંઠા : ૧–૩૫–૫૭, આકાર રૂા.૪.૦૬ વાળી ખેતીની જમીનમાં સદરના પ્રતિવાદીને કે તેમના કર્મચારી, એજન્ટ, ઈજારાદારને પ્રવેશવાની તથા પ્રવેશ કરી વાદીઓની દાવાવાળી ખેતીની જમીનમાં કોઈપણ પ્રકારની ઓવર હેડ કે જમીનની અંદર કે ઉપર કોઈપણ પ્રકારની વિજ લાઈન નાંખવાનો કે પસાર કરવાનો કે તે માટે કોઈપણ પ્રકારના થાંભલા નાંખવાનો કે તેનું બાંધકામ કરવાનો હકક–અધિકાર નથી તેવું ઠરાવી આપવા તથા  દાવા પેરા (૩) માં વર્ણવેલ વાદીઓની માલિકી–કબજા–ભોગવટા વાળી મોજે. મોટી ચંદુર ગામે રેવન્યુ સર્વે નં.૩૩૦ પૈ, ક્ષેત્રફળ હે–આરે–ગુંઠા: ૧–૩૫–૫૭, આકાર રૂા.૪.૦૬ વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી કે તેમના કર્મચારી કે તેમના એજન્ટ, ઈજારાદારને પ્રવેશ કરતા અટકાવવા તથા પ્રવેશ કરી વાદીઓની જમીનમાં કોઈપણ પ્રકારની ઓવર હેડ કે જમીનની અંદર કે ઉપર કોઈપણ પ્રકારની વિજ લાઈન નાંખે નહી કે કે પસાર કરે નહી કે તે માટે કોઈપણ પ્રકારના થાંભલા નાંખે–નંખાવે નહી કે તેનું બાંધકામ કરે–કરાવે નહી તેવો કાયમી

મનાઈ હુકમ ફરમાવતો હુકમ કરી વાદીઓની અરજી ખર્ચ સહ મંજુર કરવા દાવાના પેરા–૧૦ માં દાદ માંગેલ છે. તેમજ વાદીઓની આંક–૫ ની અરજી ખર્ચ સહ મંજુર કરવા કામચલાઉ મનાઈ અરજીના પેરા–૦૮ માં દાદ માંગેલ છે. જેમાં વાદીઓના મુળ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી સદર હાલની હંગામી મનાઈ હુકમ અરજના પેરા (૩)માં વર્ણવેલ વાદીઓની માલિકી–કબજા–ભોગવટા વાળી મોજે. મોટી ચંદુર ગામે રેવન્યુ સર્વે નં.૩૩૦ પૈ, ક્ષેત્રફળ હે–આરે–ગુંઠા : ૧–૩૫–૫૭, આકાર રૂા.૪.૦૬ વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી કે તેમના કર્મચારી કે તેમના એજન્ટ, ઈજારાદાને પ્રવેશ કરતા તથા પ્રવેશ કરી અમારી જમીનમાં કોઈપણ પ્રકારની ઓવર હેડ કે જમીનની અંદર કે ઉપર કોઈપણ પ્રકારની વિજ લાઈન નાંખે નહી કે કે પસાર કરે નહી કે તે માટે કોઈપણ પ્રકારના થાંભલા નાંખે–નંખાવે નહી કે તેનું બાંધકામ કરે–કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી હંગામી યાને કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

હાલના તબકકે પ્રતિવાદીઓના જવાબમાં જણાવ્યા મુજબ તો માંગેલ દાદ વાદીને હાલના તબકકે મળવાપાત્ર નથી તેવું જણાય છે કારણ કે વાદીએ પોતાની આંક–૫ ની અરજીને સમર્થનકારી કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તેમજ વાદીઓ ખેડુત ખાતેદાર છે તે બાબતે પ્રતિવાદીએ કોઈ તકરાર લીધેલ નથી. પ્રતિવાદી તરફે આંક–૧૧ થી દસ્તાવેજી પુરાવો રજુ કરી માર્ક–૧૧/૧ થી ૧૧/૪ સુધીના દસ્તાવેજો રજુ કરી નામ.સુપ્રિમ કોર્ટનું **ધી પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લીમીટેડ વિરુધ્ધ સેન્ચુરી ટેક્ષટાઈલ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ, સીવીલ અપીલ નં.૧૦૯૫૧/૨૦૧૬,** તારીખ–૧૪/૧૨/૨૦૧૬ ના જજમેન્ટમાં ખેતરમાં પ્રવેશવા બાબતે પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાની તરફેણમાં લેન્ડમાર્ક ચુકાદો આપેલ છે જે હાલના કેસમાં પણ લાગુ પડતો હોવાનું તેમજ પ્રતિવાદીઓ તરફે નામ.ગુજરાત હાઈકોર્ટનો **ગુજરાત સ્ટેટ એનર્જી ટ્રાન્મીશન કોર્પોરેશન વિરુધ્ધ રતીલાલ મગનજી બ્રહમભટ્ટનો** લેટર્સ

પેટન્ટ અપીલ નં.૫૩૪/૨૦૨૦ નું તા.૦૬/૧૧/૨૦૨૦ ના જજમેન્ટમાં લાઇનના રૂટમાં કોઇ ફેરફાર ન કરવો તે બાબતે ઠરાવેલ છે, જે હાલના કેસની હકીકત અને સંજોગો સાથે સુસંગત હોઇ, સદર ચુકાદો હાલના કેસમાં પણ લાગુ પડતો હોવાની રજુઆત કરેલ છે. વધુમાં આ સાથે કલેકટરશ્રી, પાટણનો એમએજી/૧/વશી/૧૬૦ થી ૨૩૬/૨૦૨૬, તા.૨૨/૦૧/૨૦૨૬ નો હુકમ કરી ઠરાવેલ છે કે, ''અરજદારશ્રીએ કરેલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. અરજદારશ્રીની અરજી મંજુર કરી, ૬૬ કે.વી. નાની ચંદુર સબસ્ટેશનને સાતત્ય પૂર્ણ વીજ પુરવઠો આપવા ૨૨૦ કે.વી. મુજપુર સબસ્ટેશન થી ૬૬ કે.વી. નાની ચંદુર સ્વિચયાડ સુધી વીજલાઈન પ્રસ્થાપિત કરવા ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી., દ્વારા કરવામાં આવતી ઉક્ત વીજ લાઈન નાખવાની કામગીરીમાં સામાવાળા ખેડુત ખાતેદારોએ રૂકાવટ કે અડચણ ઉભી કરવી નહી કે વીજલાઇન પ્રસ્થાપિત કરવાની કામગીરી કરતા/કરાવનારને અટકાવવા નહી તથા આ કામગીરી કરવાના કામે અસરગ્રસ્ત ખેડૂત ખાતેદારશ્રીની રજુઆત ધ્યાને લઇ કંપનીએ વીજ થાંભલા તથા વીજ લાઈન કોરીડોરના કામે થનાર જમીન/પાકના નુકશાન પેટે સરકારશ્રીની જોગવાઇ મુજબ નિયમોનુંસાર વળતર ચૂકવવા તેમજ ઉભા પાકના નુકશાનનું વળતર સંબંધિત મામલતદારશ્રી દ્વારા નિયત કરવામાં આવે તે દરે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. એ ખેડૂત ખાતેદારશ્રીને ચૂકવવા આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં, રીસર્વે થતાં કબજાફેર થયેલ હોય તે કિસ્સામાં માપણી કરાવી, સુધારો કરાવી તેની રેકર્ડે અમલવારી થયા બાદજ જે તે અસરગ્રસ્ત ખેડૂત ખાતેદારને જ વળતર ચૂકવાય તેની ખાત્રી કરવાની રહેશે. નામ.સીવીલ કોર્ટ, શંખેશ્વરમાં દાખલ થયેલ પીટીશન આર.સી.એસ.નં.૨૪/૨૦૨૫, આર.સી.એસ.નં.૨૫/૨૦૨૫, આર.સી.એસ.નં.૨૬/ ૨૦૨૫, આર.સી.એસ.નં.૨૭/ ૨૦૨૫, આર.સી.એસ.નં.૨૮/ ૨૦૨૫, આર.સી.એસ.નં.૨૯/૨૦૨૫, આર.સી.એસ.નં.૩૦/ ૨૦૨૫, આર.સી.એસ.નં.૩૧/ ૨૦૨૫,

આર.સી.એસ.નં.૩૨/૨૦૨૫ અને આર.સી.એસ.નં.૩૩/૨૦૨૫ નો આખરી ચુકાદો જે આવે તે તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે. આ હુકમનું પાલન ન કરનાર ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૨૨૩ હેઠળ સજાને પાત્ર બનશે. આ હુકમની તમામ પક્ષકારોને લેખીત માં જાણ કરવી'', તેવો હુકમ કરેલ છે.

(૯) આમ આ કામે વાદીની મનાઇ અરજી તથા પ્રતિવાદી તર્ફેનો જવાબ તથા બંન્ને પક્ષકારોની લેખીત દલીલો તથા રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા સરકારશ્રીની ગાઈડ લાઈન અનુસાર પ્રતિવાદી સંસ્થા જન કલ્યાણના હિતાર્થે અને ખેડુતોના હિતાર્થે કાર્ય કરતા હોઈ તેમજ જેટકો દ્વારા કોઈપણ પ્રકારની જમીન સંપાદન કરવામાં આવતી ન હોઇ ૬૬ કે.વી.વીજ લાઈનમાં નાખવામાં આવતા વીજ માળખાથી વાદી ખેડુત ખાતેદારશ્રીઓની ખેત પેદાશ ઉપર કોઈપણ પ્રકારનું નુકશાન થયેલ હોય કે તેમની આર્થિક આવક/ઉપાર્જન ઉપર કોઈ મોટી વિપરીત અસર ઉદભવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં પ્રતિવાદી સંસ્થા જેટકો દ્વારા વાદીને લેખિત નોટીસ બજવણી કરેલ છે. તથા સદર વીજ લાઈનનું કાર્ય ગેર કાયદેસર રીતે થતુ હોય તેવો વાદીનો કેસ નથી. જેથી, કરીને વાદી ખેડુત ખાતેદારને વિશ્વાસમાં લીધા સિવાય તેમની પરવાનગી કે મંજુરી લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં પ્રતિવાદી સંસ્થા જેટકો દ્વારા નાખવામાં આવતી કોઈપણ પ્રકારની ઉચ્ચ વીજ દબાણવાળી લાઈનએ સરકારશ્રીના હયાત સુરક્ષા અને સલામતીના તમામ માનકોનું ચુસ્તપણે પાલન કરેલ ન હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. જેથી, સદર વીજ લાઈનથી કોઈપણ પ્રકારનું જાન કે માલનું નુકશાન થયેલ હોય તેવી કોઇ હકીકત હાલના તબકકે રેકર્ડ પર આવેલ નથી. પ્રતિવાદી સંસ્થા જેટકો દ્વારા નાખવામાં આવતી કોઈપણ પ્રકારની વીજ લાઈનથી ખેતપેદાશો કે ખેતરમાં કામ કરતા માણસો ઉપર કોઈપણ પ્રકારની વિપરીત અસર થયેલ હોય તેવો વાદીનો કેસ નથી. વધુમાં, વીજ લાઈન પસાર થવાથી અને તેનું

કામ કરતી વેળાએ જો કોઈ ખેડુત ખાતેદારશ્રી કે જમીન કબ્જેદારશ્રીને જમીન પાક ઝાડ કે ફળાવ (ઉપજ)ને થયેલ નુકશાન પેટે વળતર આપવાની જોગવાઈ કરેલ છે તે અનુસાર અસરગ્રસ્ત ખાતેદારશ્રી કે કબ્જેદારશ્રીને યોગ્ય કાયદાકીય વળતર આપી શકાય છે. તેમજ વીજ લાઈનના વાયર પસાર થતાં જમીનનું અવમુલ્યન હેતુસારું સરકારશ્રીના નિયમોઆધીન વળતર આપી શકાય છે. વધુમાં, બિન ખેતી કે વીજ લાઈન પસાર થતી જમીનમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરતી વખતે હયાત સુરક્ષા અને સલામતીના કાયદા અનુસાર વીજ લાઈનથી સલામત અંતરે બાંધકામ કરી શકાય છે. તેમજ બિન ખેતીની મંજુરી પણ મળી રહે છે. જેથી સદરહું વીજ લાઈનનું કામ પ્રતિવાદી સંસ્થા જેટકો દ્વારા લોકહિત અને લોકપયોગી હોવાથી રાજ્યના સર્વાંગી વિકાસ અર્થે હોઈ તેમજ કોઈપણ વ્યક્તિને નુકશાન કરતા ન હોઈ સદર વીજ લાઈનથી કોઈ મૂળભૂત અધિકારોનો ભંગ થતો નથી તેમ હાલના તબકકે જણાઈ આવે છે. તેમજ આ કામે તકરારી હકીકતો આ કામે પુરાવો નોંધ્યા બાદ જ નિર્ણય થઇ શકે તેમ છે. આમ આ કામે ઉભય પક્ષે રજુ થયેલ પુરાવો જોતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાતું નથી અને આ કામે પુરાવો નોંધ્યા બાદ જ નિર્ણય થઇ શકે તેમ જણાય છે. આથી હાલના તબકકે વાદીનો કોઇ પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા વાદી મુદ્દા નં.૧ પુરવાર કરવામાં સફળ થતા ન હોવાનું આ અદાલતનું માનવું છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**(૧૦) <u>મુદ્દા નં. ૨ અને ૩</u> :-**

ઉપરોકત બંન્ને મુદ્દા નં.૨ અને ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઇ હકીકતોનું પુનરાવર્તન ટાળવા સદર બંન્ને મુદ્દા નં. ૨ અને ૩ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

વાદીના દાવાની તકરારી હકીકતો પુરાવો લીધા બાદ નકકી થાય તેમ છે. આથી વાદીને નાણાંમાં ભરપાઈ ના થાય તેવુ નુકશાન જાય તેવુ હાલના તબકકે માની શકાય તેમ નથી. આથી આ તકરારી હકીકતો પુરાવો લીધા બાદ નકકી થાય તેમ હાલના તબકકે જણાય છે. આથી હાલના તબકકે અરજી મુજબની હકીકતો પ્રસ્થાપિત કરવામાં વાદી નિષ્ફળ રહેલ છે. જેથી આંક–૫ ની અરજી મંજુર કરવા યોગ્ય હાલ જણાતી નથી. વાદીની તરફેણમાં માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓના હિતને પારાવાર નુકશાન જાય તેનું નાણાંમાં મુલ્યાંકન થઇ શકે નહી તેવુ નુકશાન થવાની પણ સંભાવના રહેલી હોવાનુ પણ જણાય છે. તેથી ઈરીપેરેબલ લોસ અને સગવડતા અગવડતાની સમતુલા પણ પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનુ છે.

આમ, ઉપરોકત મુદ્દા નં.૨ અને ૩ માં કરેલ ચર્ચા ધ્યાને લેતા હાલના દાવાના કામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ બાબતે વિચારણા કરવામાં આવે તો તે વાદી કરતા પ્રતિવાદીઓના લાભમાં વધુ રહેલ છે. અને તમામ હકીકતો પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ ઉપર આવે તેમ હાલના તબકકે જણાય છે અને આ કામના પ્રતિવાદીઓએ વાદીને કોઈ નડતરરુપ થાય તેવું કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારે વાદી તર્ફેની હાલની આંક–૫ ની કરેલ દલીલો સ્વીકારવા યોગ્ય જણાતી નથી. જ્યારે પ્રતિવાદીઓ તર્ફે ની દલીલો સ્વીકરવા યોગ્ય જણાય છે. ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા વાદી મુદ્દા નં. નં. ૨ અને ૩ પુરવાર કરવામાં સફળ થતા ન હોવાનું આ અદાલતનું માનવું છે. આથી મુદ્દા નં. નં. ૨ અને ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા વાદી મુદ્દા નં. ૧ થી મુદ્દા નં.૩ પુરવાર કરવામાં સફળ રહેલ નથી આથી મુદ્દા નં.૧ થી મુદ્દા નં.૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવેલ છે. આથી, ઉપરોકત

ચર્ચા ધ્યાને લેતા મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : <u>હુકમ</u> :–**

- ➢ વાદીની આંક–૫ ની મનાઈ અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.
- ➢ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજ તા.૦૪, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૭/૨૦૨૬ (કૌશિકભાઇ બાબુભાઇ મકવાણા)
મુ.શંખેશ્વર. પ્રિન્સીપાલ સિવીલ જજ
શંખેશ્વર.
જજ કોડ નં.જી.જે.૦૧૪૩૦

Steno: R.P.Kamejaliya